# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશમંત્રીના નેતૃત્વમાં દિલ્હીમાં સરહદી બાબતો અંગે બેઠક યોજાઈ.
2. N.D.A.ના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ને સર્વસમંતિથી ચૂંટવા સાંસદોને પ્રધાનમંત્રીની અપીલ
3. ત્રીજી ઓક્ટોબરથી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ થશે.
4. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત કરવા પુતિન અને ઝેલેન્સિક વચ્ચેની સંભવિત બેઠકની તૈયારીઓ.
5. મુંબઇમાં ભારે વરસાદના પગલે સામાન્ય જનજીવન ખોરવાયું, ગુજરાતમાં પણ આજે રેડ એલર્ટ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. DAY CHINA FM-DOVAL TALKS

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ આજે નવી દિલ્હીમાં ભારત અને ચીન વચ્ચે સરહદ પ્રશ્ન પર વિશેષ પ્રતિનિધિઓની વાતચીતનો 24મો તબક્કો યોજ્યો. પોતાના પ્રારંભિક ભાષણમાં, શ્રી ડોભાલે કહ્યું, છેલ્લા નવ મહિનામાં સરહદ પરની પરિસ્થિતિમાં સુધારો થયો છે અને તે શાંતિપૂર્ણ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો નોંધપાત્ર રહ્યા છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે બંને દેશો તેમના નેતાઓના આભારી છે, જેમણે ગયા ઓક્ટોબરમાં કઝાનમાં મુલાકાત કરી હતી અને સંબંધો માટે નવી દિશા નક્કી કરી.

શ્રી ડોભાલે આશા વ્યક્ત કરી કે 24મી ખાસ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટો પણ એટલી જ સફળ રહેશે. તેમણે કહ્યું નવા વાતાવરણને કારણે બંને પક્ષો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં જોડાણને આગળ વધારવામાં મદદ મળી છે. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં SCO સમિટ માટે મુલાકાત લેશે ત્યારે આ વાટાઘાટોનું વિશેષ મહત્વ છે.

........................................

# LS - VIKSIT KRISHI SANKALP ABHIYAN

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી છે કે આ વર્ષે 3 ઓક્ટોબરના રોજ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ અભિયાનનો ઉદ્દેશ ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચે સીધા સંવાદને પ્રોત્સાહન આપવાનો છે અને તે 18 ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, આ અભિયાન દરમિયાન હજારો વૈજ્ઞાનિકો અને કૃષિ વિભાગના અધિકારીઓ ગામડાઓમાં જશે અને ખેડૂતોને ખાદ્ય ઉત્પાદનને વેગ આપવા માટે નવી તકનીકો વિશે માહિતગાર કરશે.

**બાઇટ- શિવરાજસિંહ ચૌહાણ , કૃષિમંત્રી**

. . . . . . . . . . . . . . . . .

# NDA-MEETING

નવી દિલ્હીમાં આજે સંસદીય પક્ષની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનનો પરિચય કરાવીને તેમનું સન્માન કર્યું.

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શ્રી મોદીએ વિરોધપક્ષના સભ્યો સહિત તમામ સાંસદોને શ્રી રાધાકૃષ્ણનને સર્વસંમતિથી ચૂંટવા અપીલ કરી હોવાનું જણાવ્યું હતું.

**(બાઈટ – કિરણ રિજિજુ)**

દરમિયાન ઈન્ડિ ગઠબંધનનાં ઉપરાષ્ટ્ર્પતિ પદનાં ઉમેદવાર તરીકે બી. સુદર્શન રેડ્ડીનાં નામની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . .

# RS - ADJOURNED

બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા સહિત વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના હોબાળાને કારણે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

સવારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં ઉપસભાપતિ હરિવંશે કહ્યું કે તેમને રાજકીય પક્ષો તરફથી વિવિધ મુદ્દાઓને લગતી 20 મુલતવી નોટિસ મળી છે, પરંતુ તેમણે તે ફગાવી દીધી હતી. બાદમાં વિરોધ પક્ષોના સૂત્રોચ્ચાર વચ્ચે ઉપસભાપતિએ શૂન્ય કાળ ચલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વિરોધ ચાલુ રહેતા ગૃહ બપોરે 2 વાગ્યા સુધી મોકૂફ કરાયું હતું.

વિરોધ પક્ષનાં ભારે હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી પહેલા 12 વાગ્યા સુધી બાદમાં બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રખાઇ હતી.

. . . . . . . . . . . . . . . . . .

# EAM-RUSSIA VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી રશિયાના ત્રણ દિવસના પ્રવાસે જશે. વિદેશ મંત્રાલયે જણાવ્યા પ્રમાણે ડૉ. જયશંકર આવતીકાલે મોસ્કોમાં ભારત-રશિયા આંતર-સરકારી પંચના વેપાર , આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહયોગના 26મા સત્રની સહ-અધ્યક્ષતા કરશે.

તેઓ રશિયાના વિદેશમંત્રી સેર્ગેઈ લવરોવ સાથે ચર્ચા કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય કાર્યસૂચિની સમીક્ષા કરીને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. શ્રી જયશંકર ભારત-રશિયા વ્યાપાર મંચને પણ સંબોધન કરશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

.......

# BIHAR-RAHUL YATRA

વિરોધ પક્ષનાં નેતા રાહુલ ગાંધીની બિહારમાં મતદાર અધિકાર યાત્રાનો આજે ત્રીજો દિવસ છે. દરમિયાન આજે નવાદા જિલ્લાના હિસુઆ ખાતે ભાજપના કાર્યકરોએ શ્રી ગાંધી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શનો કર્યા હતા. રાહુલ ગાંધી આજે નવાદાના ભગતસિંહ ચોક ખાતે એક જાહેર સભાને સંબોધશે.

ગઈકાલે તેમણે ગયામાં એક જાહેર સભામાં સંબોધન કરતાં બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારા ( SIR)નો વિરોધ કરીને આ કવાયત અંગે ચૂંટણી પંચની ટીકા કરી હતી.

. . . . . .

# RUSSIA _UKRAINE TALSK

સોમવારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે, રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે વ્હાઇટ હાઉસ ખાતે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી અને યુરોપિયન યુનિયનના નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ દરમિયાન ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ફોન કરીને તેમની સાથે લાંબી વાતચીત કરી અને દાવો કર્યો કે રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ મંત્રણા થશે, જેના માટે સમય અને સ્થળ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. સમગ્ર વિશ્વની નજર આ ખાસ બેઠક પર ટકેલી હતી,  કારણ કે રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે.આ બેઠક માટેની તૈયારીઓ ચાલી રહી છે.

.

# MUMBAI RAIN

શુક્રવારથી મુંબઈ શહેર અને તેના ઉપનગરોમાં સતત ભારે વરસાદ સામાન્ય જનજીવન અસરગ્રસ્ત થયુ છે. હવામાન વિભાગે શહેર અને ઉપનગરોમાં ખૂબ જ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે કહ્યું છે કે 45-55 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. આગાહીને પગલે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને મુંબઈની તમામ સરકારી, ખાનગી અને મ્યુનિસિપલ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી છે.

રાજ્યમાં કુલ 4 સિસ્ટમ અત્યારે સક્રિય છે. જેના કારણે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

દરમિયાન ગુજરાતમાં પણ આગામી 48 કલાક માટે ભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

. . . .

# DELHI-YAMUNA WATER LEVEL

દિલ્હીમાં યમુના નદીનું જળસ્તર આજે સવારે 11 વાગ્યા સુધીમાં ખતરાના નિશાન 205.33 મીટરથી ઉપર વધીને 205.78 મીટર સુધી પહોંચી ગયું છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પાણીનું સ્તર વધવાનું કારણ હાથીકુંડ બેરેજમાંથી પાણી છોડવાનું છે. વધતાં જળસ્તર અંગે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યુ હતું કે તમામ વ્યવસ્થા કરવામા આવી છે અને આ પૂરની સ્થિતી નથી.

**(બાઈટ – રેખા ગૃપ્તા, દિલ્હી મુખ્યમંત્રી)**

. . . . . . . . . . .

# KANDLA SECURITY

દેશના પશ્ચિમી ક્ષેત્ર માટે મહત્ત્વના એવા કચ્છના કંડલા મહાબંદરને ડ્રોન વિરોધી સુરક્ષા કવચ આપવા માટેની તૈયારીઓ થઇ રહી છે. વહીવટી તંત્ર દ્વારા આ માટેની જરૂરી કાર્યવાહી પણ આદરવામાં આવી છે.

પહેલગામ હુમલા બાદ ઓપરેશન સિંદૂર બાદ મહત્ત્વના એવા આ મહાબંદરની સુરક્ષા મજબૂત કરવાની દિશામાં આ પગલું લેવામાં આવ્યું હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. ઓપરેશન સિંદૂર દરમ્યાન કંડલા બંદરે પણ દુશ્મન દેશનાં ડ્રોન દેખાયાં હતાં.

જો કે, તમામ ડ્રોનને તોડી પાડવામાં આવ્યાં હતાં. ઓપરેશન દરમ્યાન મહાબંદરે બ્લેક આઉટ કરવો પડયો હતો, પરંતુ હવે કંડલા મહાબંદરે ડ્રોન વિરોધી સિસ્ટમ તૈનાત કરવા માટે કવાયત આદરવામાં આવી છે.

કંડલામાં હજારોની સંખ્યામાં ટેન્ક ફાર્મ, ગોદામો સહિતની માળખાંકીય સુવિધાઓ ઊભી થયેલી છે, ત્યારે મહાબંદરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પદ્ધતિ વિકસાવવા આયોજન ઘડાયું છે.

. . . . . . . . . . .

# NHAI-TOLL PLAZA

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ, મેરઠ-કરનાલ રોડ પર ભૂની ટોલ પ્લાઝા પર સેનાના જવાન સાથે ગેરવર્તણૂક કરવા બદલ ટોલ કલેક્શન એજન્સી સામે કડક કાર્યવાહી કરી છે.

ઓથોરિટીએ ટોલ કલેક્શન કંપની પર 20 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે એક નિવેદનમાં આ ઘટનાને કરારની શરતોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. મંત્રાલયે કહ્યું છે કે ટોલ એજન્સી પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં અને તેના કર્મચારીઓમાં શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગઈ છે. વધુમાં, NHAI એ ટોલ વસૂલાત કંપનીનનો કરાર  સમાપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે અને ભવિષ્યમાં કોઈ પણ ટોલ પ્લાઝામાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. ઓથોરિટીએ આવા વર્તનની સખત નિંદા કરતાં કહ્યું કે તે રાષ્ટ્રીય હાઇવે પર સલામત અને સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.